અહેવાલ સભાગૃહમાં રજૂ થયા
તારીખ: ૨૨/૦૯/૨૦૨૨

सत्यमेव जयते

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો આઠમો અહેવાલ

## ચૌદમી ગુજરાત વિધાનસભા

**(ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં અનુસૂચિત જનજાતિ અધિકારી/ કર્મચારીઓના મહેકમ તથા આદિવાસી વિસ્તારોમાં થઈ રહેલા ઔદ્યોગિક પ્રદૂષણ બાબત)**

**વન અને પર્યાવરણ વિભાગ**

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર
૨૦૨૨

અહેવાલ સભાગૃહમાં રજૂ થયા
તારીખ: ૨૨/૦૯/૨૦૨૨

सत्यमेव जयते

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો આઠમો અહેવાલ

# ચૌદમી ગુજરાત વિધાનસભા

## (ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં અનુસૂચિત જનજાતિ અધિકારી/ કર્મચારીઓના મહેકમ તથા આદિવાસી વિસ્તારોમાં થઈ રહેલા ઔદ્યોગિક પ્રદૂષણ બાબત)

## વન અને પર્યાવરણ વિભાગ

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર
૨૦૨૨

HB-399-10-2022-SSD

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની  સમિતિ

(૨૦૨૧–૨૨ના વર્ષમાં પુનઃ રચના)

## પ્રમુખશ્રી

**શ્રી મોહનભાઇ ઢોડિયા**

## સભ્યશ્રીઓ

શ્રી અશ્વિનભાઇ કોટવાલ

શ્રી વજેસિંગભાઇ પણદા

શ્રી બચુભાઇ ખાબડ

શ્રી અભેસિંહ તડવી

શ્રી ગણપતભાઇ વસાવા

શ્રી આનંદભાઇ ચૌધરી

શ્રી સુનીલભાઇ ગામીત

શ્રી વિજયભાઇ પટેલ

શ્રી અરવિંદ સી. પટેલ

શ્રી રમણલાલ પાટકર

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ – સચિવ

શ્રી વિનોદ રાઠોડ – ઉપસચિવ

શ્રી જસ્મીન કાવઠિયા – સેક્શન અધિકારી

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની  સમિતિ

(૨૦૨૧–૨૦૨૨)

## પ્રમુખશ્રી

**શ્રી નરેશભાઇ  પટેલ**

## સભ્યશ્રીઓ

શ્રી અશ્વિનભાઇ કોટવાલ

શ્રી કુબેરભાઇ એમ. ડિંડોર

શ્રી રમેશભાઇ બી. કટારા

શ્રી શૈલેષભાઇ એસ. ભાભોર

શ્રી વજેસિંગભાઇ પણદા

શ્રી અભેસિંહ તડવી

શ્રી મોહનભાઇ ડી. ઢોડિયા

શ્રી પુનાભાઇ ગામીત

શ્રી અનંતકુમાર પટેલ

શ્રી અરવિંદભાઇ  સી. પટેલ

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ – સચિવ

શ્રી વિનોદ રાઠોડ – ઉપસચિવ

શ્રી જસ્મીન કાવઠિયા – સેક્શન અધિકારી

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

(૨૦૨૦–૨૦૨૧)

## પ્રમુખશ્રી

**શ્રી નરેશભાઇ પટેલ**

## સભ્યશ્રીઓ

શ્રી અશ્વિનભાઇ કોટવાલ

શ્રી કુબેરભાઇ એમ. ડિંડોર

શ્રી રમેશભાઇ બી. કટારા

શ્રી શૈલેષભાઇ એસ. ભાભોર

શ્રી વજેસિંગભાઇ પણદા

શ્રી અભેસિંહ તડવી

શ્રી મોહનભાઇ ડી. ઢોડિયા

શ્રી પુનાભાઇ ગામીત

શ્રી અનંતકુમાર પટેલ

શ્રી અરવિંદભાઇ સી. પટેલ

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ – સચિવ

શ્રી વિનોદ રાઠોડ – ઉપસચિવ

શ્રી જસ્મીન કાવઠિયા – સેક્શન અધિકારી

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની  સમિતિ

(૨૦૧૮–૨૦૧૯ અને ૨૦૧૯–૨૦૨૦)

## પ્રમુખશ્રી

**શ્રી મોહનભાઇ ડી. ઢોડિયા**

## સભ્યશ્રીઓ

શ્રી અશ્વિનભાઇ કોટવાલ

ડૉ. અનિલ જોષિયારા

શ્રી કુબેરભાઇ એમ. ડિંડોર

શ્રી રમેશભાઇ બી. કટારા

શ્રી શૈલેષભાઇ એસ. ભાભોર

શ્રીમતી ચંદ્રીકાબેન સી. બારિયા

શ્રી અભેસિંહ તડવી

શ્રી મહેશભાઇ  વસાવા

શ્રી મંગળભાઇ ગાવીત

શ્રી અરવિંદભાઇ  સી. પટેલ

## ગુજરાત વિધાનસભા સચિવાલય

| | | |
|---|---|---|
| શ્રી ડી. એમ. પટેલ | – | સચિવ |
| શ્રી વિનોદ રાઠોડ | – | ઉપસચિવ |
| શ્રી જિતેન્દ્ર પ્રજાપતિ | – | સેક્શન અધિકારી |

# અહેવાલ

હું અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પ્રમુખ, ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિનો આઠમો અહેવાલ રજૂ કરુ છું.

**૨.** સમિતિએ **ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં અનુસૂચિત જનજાતિના અધિકારીઓ/કર્મચારીઓના મહેકમ તથા આદિવાસી વિસ્તારોમાં થઈ રહેલા ઔદ્યોગિક પ્રદૂષણ બાબતે વન અને પર્યાવરણ વિભાગની તપાસ હાથ ધરી હતી.** અને સમિતિએ તેની તા.૨૦/૦૯/૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં આ અહેવાલના મુસદ્દા ઉપર વિચારણા કરી તેને મંજૂર કર્યો હતો.

**3.** સમિતિની પર્યાવરણ પ્રભાગ સાથે તા. ૮/૧/૨૦૧૯, તા. ૨૨/૧૦/૨૦૧૯, તા. ૯/૧૧/૨૦૨૧, તા. ૨૬/૪/૨૦૨૨ તથા તા. ૧૨/૭/૨૦૨૨ એમ કુલ પાંચ બેઠકો મળી હતી. તા. ૮/૧/૨૦૧૯ ના રોજની બેઠક, વિભાગે મોકલેલ સાહિત્ય અધુરૂ હોવાથી મુલત્વી રાખવામાં આવી હતી, ત્યારબાદ સમિતિની તા.૨૨/૧૦/૨૦૧૯ના રોજ બેઠક રાખવામાં આવી હતી અને વિભાગે મોકલી આપેલ તા. ૨૯/૧/૨૦૧૯ના નવા સાહિત્ય પર તપાસ હાથ ધરવામાં આવી હતી.

**૪.** સમિતિએ પ્રથમ વિભાગ હસ્તકની કચેરીના મહેકમ સંબંધમાં પૂછપરછ કરી હતી. સમિતિએ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીમાં ઈજનેરો સંબંધિત જગ્યાઓ અંગેની માહિતી માગતા વિભાગે વૈજ્ઞાનિક અધિકારીની ૧ જગ્યા, મદદનીશ પર્યાવરણ ઈજનેરની ૯ જગ્યા, સિનિયર વૈજ્ઞાનિક મદદનીશની ૫ જગ્યા એમ કુલ ૧૫ જગ્યાઓ ભરવાની થતી હોવાનું જણાવ્યું હતું, જેમાં વૈજ્ઞાનિક અધિકારીની જગ્યા માટેના અરજી પત્રકો મંગાવ્યા હોવાનું અને મદદનીશ પર્યાવરણ ઈજનેરની ૯ જગ્યા ઉપર

નિમણૂકના હુકમો કરી દીધા હોવાનું જણાવ્યું હતું. સિનિયર વૈજ્ઞાનિક મદદનીશમાં યોગ્યતા ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થતા ફરીથી અરજી માંગવાની કાર્યવાહી  કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

**૫.** સમિતિએ ભરતી પ્રક્રિયા બાબતે પૃચ્છા કરતા વિભાગે બોર્ડ પોતે જ જાહેરાત આપીને પરીક્ષા લેતી હોવાનું જણાવ્યું હતું. સમિતિને લાગે છે કે બોર્ડ પોતે જ પરીક્ષા યોજીને ભરતી કરે તેમાં પારદર્શિતા જળવાય નહીં આથી, **ભરતી બાબતે સામાન્ય વહીવટ વિભાગનું માર્ગદર્શન મેળવી અન્ય વિભાગોમાં થાય છે તે રીતે વર્ગ–૧ની અને વર્ગ–૨ની ભરતી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જ કરવા સમિતિ ભલામણ કરે છે.**

**૬.** ફીડર કેડરમાં ભરતી ન થતી હોવા બાબત પૃચ્છા કરવામાં આવતા વિભાગે સાતમાં પગાર પંચમાં ફીડર કેડરની જગ્યાઓ નાબૂદ થઇ  ગઇ હોવાનું જણાવ્યું હતું. વિભાગે વધુમાં જણાવ્યું હતું કે ફીડર કેડરની જુનીયર વૈજ્ઞાનીક મદદનીશની જગ્યા નાબૂદ થઈ ગઇ છે પરંતુ સીનીયર વૈજ્ઞાનીક મદદનીશની જગ્યા હવે ફીડર કેડરથી શરૂ થાય છે. સીનીયર વૈજ્ઞાનીક મદદનીશની કુલ ૮૩ જગ્યાઓમાંથી ૪૯ જગ્યાઓ બઢતીથી ભરવામાં આવી હોવાથી હવે ૩૪ જગ્યાઓ બાકી રહે છે જેની સામે અનુસૂચિત જનજાતિની ૫ જગ્યાઓ ભરવાની થાય છે આ જગ્યાઓ ભરવાની કામગીરી ચાલુ છે અને તે ટૂંક સમયમાં પૂર્ણ થઈ જશે તેમ જણાવ્યું હતું. સમિતિએ રોસ્ટર રજિસ્ટર પ્રમાણિત કરાવવા વિભાગને તાકીદ કરી હતી.

**૭.** વિભાગે પટાવાળા કમ ચોકીદારની, ડ્રાઇવરની, કલાર્ક–કમ–ટાઇપીસ્ટની જગ્યાઓ કે જે વર્ગ–૩ અને ૪ કક્ષાની છે અને આ કક્ષામાં અનુસૂચિત જનજાતિના ઉમેદવારો ઉપલબ્ધ થતા હોવા છતાં આ જગ્યાઓમાં કરવામાં આવેલ ઘટાડા બાબત પૃચ્છા કરી હતી. જેના જવાબમાં વિભાગે  આ જગ્યાઓ સાતમા પગાર પંચમાં નાબૂદ થઈ ગઈ હોવાની માહિતી આપી હતી.

**સમિતિએ અનુસૂચિત જનજાતિના ઉમેદવારો મોટે ભાગે ધોરણ- ૧૦ અને ૧૨ સુધી તો ભણેલા હોય છે જો આ રીતે આ જગ્યાઓ રદ થઈ જાય તો આ જાતિના ઉમેદવારો રોજગારીથી વંચિત રહી જાય તેવું** અવલોકન કર્યું હતું. આ બાબતે સમિતિ **અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને પણ આ જગ્યાઓમાં રોજગારીની તક મળી રહે તે માટે આ જગ્યાઓ પુનર્જિવિત કરી તેનું મહેકમ વધારવા માટે ભલામણ કરે છે.**

**૮.** વિભાગે વર્ગ–૪ની જગ્યાઓ આઉટ સોર્સીંગથી ભરવામાં આવે છે તેમાં અનામત મુજબ ભરતી કરવામાં આવે છે કે કેમ ? તેવી પૃચ્છા કરતાં વિભાગે તેમાં અનામતની જોગવાઇ ન હોવાનું જણાવ્યું હતુ. સમિતિ આઉટ સોર્સીંગની જગ્યાઓ વતા ૪૫ દિવસથી વધુ દિવસની ભરતીમાં રોસ્ટર જાળવવા અંગેના કોઇ નિયમો કે જોગવાઇ હોય તો તે અંગે તપાસ કરી આઉટ સોર્સીંગની જગ્યાઓમાં પણ રોસ્ટર મુજબ ભરતી કરવા અને આ માટે જે સ્તરે રજૂઆત કરવાની થતી હોય ત્યાં રજૂઆત કરી જરૂરી કાર્યવાહી કરવા ભલામણ કરે છે.

**૯.** સમિતિએ, આદિવાસી વિસ્તારોમાં થઈ રહેલા ઔધોગિક પ્રદૂષણના કારણે આદિવાસી પટ્ટામાં સર્જાયેલ પ્રદૂષણની ગંભીર સમસ્યા ઉભી થવા પામી છે આ બાબતે વિભાગના તા. ૨૯/૧/૨૦૧૯ના સાહિત્યની તપાસ હાથ ધરી હતી.

**૧૦.** સમિતિએ વલસાડ જિલ્લાના ઉમરપાડા તાલુકામાં કોટન સ્પીનીંગ એન્ડ વીવીંગ, કેમિકલ, પ્લાયબોર્ડ, રબર ગુડ્ઝ, પ્લાસ્ટિક પ્રોડક્ટ, ફાર્માસ્યુટિકલ્સ, કોરગેટેડ બોક્સ, પેપર પ્રોડકટ વિગેરે ઉધોગોમાં સન. ૨૦૧૪ થી ૨૦૧૮ દરમિયાન ઔધોગિક પ્રદૂષણની ફરિયાદો મોટા પ્રમાણમાં મળેલ છે પરંતુ તેમાંથી ઘણી ફરિયાદો દફતરે કરવામાં આવેલ છે તો આ ફરિયાદો દફતરે કરવાનું કારણ શું ? તેવી પૃચ્છા કરતાં વિભાગે જણાવ્યું હતું કે ફરિયાદો મળ્યા બાદ પ્રાદેશિક કચેરી ખાતેથી અથવા

તકેદારી શાખા દ્વારા પ્રથમ ફરિયાદીને મળ્યા બાદ તેના પાસેથી વિગતો જાણી જે તે ઉદ્યોગની તપાસ કરી નિયમ મુજબ શું છે તેની તપાસ કરવામાં આવે છે. ઘણા કિસ્સામાં કોઈ પ્રકારની ગેરરીતિ ન જણાતી હોય તો અરજી દફતરે કરવામાં આવે છે અને જ્યાં થોડી ઘણી ક્ષતિ દેખાતી હોય તો કારણદર્શક નોટીસ આપવામાં આવે છે અને જો વધારે ક્ષતિ જણાતી હોય તો નોટીસ ઓફ ડાયરેકશન આપવામાં આવે છે અને ગંભીર પ્રકારના કેસોમાં ઉદ્યોગ બંધ કરવાની પણ નોટીસ આપવામાં આવે છે.

**૧૧.** સમિતિએ જે એકમોને બંધ કરવાના હુકમ કરવામાં આવ્યા હોય તેમને ચાલુ કરવાની તક કેવી રીતે આપવામાં આવે છે જેના જવાબમાં વિભાગે જણાવ્યું કે જે ઉદ્યોગોએ વાયુ પ્રદૂષણ માટેના સાધનો તેમના એકમોમાં બેસાડ્યા હોય તેમની રૂબરૂ મુલાકાત લઈ તેની ખરાઈ કરી આવા એકમો ચાલુ કરવાની મંજૂરી આપવામાં આવે છે. સમિતિએ વધુ પૃચ્છા કરી હતી કે એક્વાર એકમ બંધ કર્યા પછી તેને તક કેમ આપવામાં આવે છે ? આ અંગે વિભાગે જણાવ્યું હતુ કે જે ઉદ્યોગો બંધ કરવામાં આવે છે તેને કાયમી બંધ કરવામાં આવતા નથી જો તેમ કરવામાં આવે તો રોજગારીનો પ્રશ્ન ઉદ્ધભવે તેથી જો તે શરતો પરિપૂર્ણ કરે તો તેવા ઉદ્યોગો ચાલુ કરવામાં આવે છે કે જેથી બેરોજગારીની સમસ્યા ઉભી થાય નહિ.

**૧૨.** સમિતિએ ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં ચાલતા એગ્રો કેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, ડાઈઝ એન્ડ કેમિકલ્સ, સિન્થેટિક કેમિકલ્સ ઈનઓર્ગેનિક કેમિકલ્સ, ફૂડ ઈન્ડસ્ટ્રીઝ, સ્ટોન ક્રશર, સિલિકા ઈન વોશિગ પ્લાન્ટ, લિગ્નાઈટ પ્લાન્ટ, બાયો ફર્ટિલાઈઝર પ્લાન્ટ, પેપર મિલ, સુગર ફેકટરી વિગેરે ઉદ્યોગો સામે પ્રદૂષણની ૧૮ ફરિયાદો મળેલ છે તેમાંથી ૧૫ અરજીઓ દફતરે કરવામાં આવી હતી તે બાબત પૃચ્છા કરતાં વિભાગે જણાવ્યું હતું કે ફરિયાદમાં હોય છે તેવું તથ્ય તપાસમાં ન જણાતા એવી અરજીઓ દફતરે કરવામાં આવે છે.

**૧૩.** સમિતિના પ્રદૂષણ નિયંત્રણમાં રહે તે માટે ટેકનીકલ નિષ્ણાંતો દ્વારા ઔધોગિક વિસ્તારમાં કોઇ માર્ગદર્શન આપવામાં આવે છે કે કેમ ? તેવા પ્રશ્નના જવાબમાં વિભાગે જણાવ્યું હતું કે પ્રાદેશિક કક્ષાએ ઓપન હાઉસ તથા એન્વાયરલ ક્લિનિક ચલાવવામાં આવે છે તથા એક્સ્પર્ટોને બોલાવીને ઔધોગિક એકમોના માણસોને સાથે રાખી ટેકનીકલ સેશન કરવામાં આવે છે.

**૧૪.** પ્રદૂષણ નિયંત્રણ પ્રમાણપત્ર આપતી વખતે શું ધ્યાનમાં રાખવામાં આવે છે તેવા પ્રશ્નના જવાબમાં વિભાગે જણાવ્યું હતું કે ઉધોગ વાઈઝ અલગ–અલગ જરૂરિયાત હોય છે દા.ત. રેતી ખનન કે સ્ટોન કાઢવાનું કામ હોય તો ખનન કરતા જે ખાડા પડતા હોય તેમાં ઢોર–ઢાંખર પડી ન જાય તે માટે ફેન્સિંગ કરવાનું હોય છે, હવામાં રજકણો ન ઉડે તે માટે સ્પ્રીકલીંગ કરાવવાનું હોય છે અને આ પ્રકારની જરૂરિયાતો સંતોષવામાં આવે છે કે નહિ તે માટે પ્રાદેશિક કચેરીના સ્ટાફ દ્વારા તેની ચકાસણી કરવામાં આવતી હોય છે.

**૧૫.** સમિતિની તા. ૯/૧૧/૨૦૨૧ના રોજ મળેલ બેઠકમાં તપાસ આગળ વધારતા, સમિતિએ પર્યાવરણનું લાયસન્સ ધરાવતા ન હોય, પર્યાવરણની શરતોનું પાલન ન કરતા હોય કે જેમને શો–કોઝ નોટીસ આપ્યા પછી પણ ગંભીર ગુન્હામાં આવતા હોય, આવાસ માટે ફાળવવામાં આવેલ ઘરથાળના પ્લોટોમાં ઉધોગો ઉભા થઈ ગયા હોય વિગેરે સંબંધમાં ચર્ચા કરી હતી અને આવા જે કોઈ કિસ્સા ધ્યાન પર આવે તે સંબંધમાં યોગ્ય તે પગલાં લેવા સમિતિ આથી ભલામણ કરે છે. સમિતિએ ઉધોગની સ્થાપનાથી તે વિસ્તારને થતા લાભ અને પર્યાવરણીય નુકશાનની સ્પષ્ટ જાણકારી આપવામાં આવે તેવું સૂચન કર્યું હતું જેથી આ વિસ્તારના લોકપ્રતિનિધિઓ સ્થાનિક લોકોને ઉધોગના લાભાલાભથી વાકેફ કરી શકે. આ સંબંધમાં જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

**૧૬.** સમિતિએ તા. ૨૮/૧૨/૨૦૨૧ થી તા. ૩૧/૧૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમિયાન વન અને પર્યાવરણ વિભાગનો વલસાડ, સુરત અને ભરૂચ જિલ્લાનો સ્થળ તપાસ પ્રવાસ કર્યો હતો. સમિતિએ વલસાડ જિલ્લાના વાપી ખાતેના ઈન્ડસ્ટ્રિયલ ઝોનની, સુરત ખાતેના ઈન્ડસ્ટ્રિયલ ઝોનની તથા ભરૂચ જિલ્લાના અંકલેશ્વર ઈન્ડસ્ટ્રિયલ ઝોનની મુલાકાત લીધી હતી. આ ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારોની મુલાકાત દરમિયાન સમિતિએ વિવિધ ઔધોગિક એસોસીએશનનો સાથે બેઠકો કરી હતી અને આદીવાસી વિસ્તારો કે જ્યાં ઔધોગિક એકમો ચાલે છે ત્યાં પર્યાવરણની શરતોનું પાલન થાય છે કે કેમ ? તેની ચર્ચા કરી હતી. પ્રવાસ દરમિયાન ઔધોગિક એકમોમાં સ્થાનિક આદીવાસી લોકોને રોજગારી આપવામાં આવે છે કે કેમ તેની જે તે વિસ્તારના શ્રમ અધિકારી, રોજગાર અધિકારી તથા ઔધોગિક કામદાર યુનિયનોના પ્રતિનિધિઓ વિગેરેને હાજર રાખી તપાસ કરી હતી. સમિતિ, સ્થાનિક આદીવાસી પ્રજાને રોજગારીમાં અગ્રિમતા આપવા તથા તેમના સ્વાસ્થ્ય અને શિક્ષણની વ્યવસ્થા કરવા સમિતિ ભલામણ કરે છે.

**૧૭.** સમિતિના ધ્યાન પર આવેલ છે કે આદિવાસી વિસ્તારમાં આવેલ ઉધોગો દ્વારા કચરાનો ખાસ કરીને રાત્રિ દરમિયાન ગમે ત્યાં નિકાલ કરી દેવામાં આવે છે જે પર્યાવરણ માટે જોખમી છે. આથી રાત્રિ દરમિયાન પરવાનગી વગર કેમિકલ ભરેલા વાહનો બહાર નીકળવા ન જોઈએ તેવી પર્યાવરણ વિભાગ દ્વારા વ્યવસ્થા કરવાની અને રાત્રિ દરમિયાન G.P.S. સિસ્ટમ લગાડેલી ટ્રકોનો જ ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવા સમિતિ ભલામણ કરે છે.

**૧૮.** સમિતિ આદિવાસી વિસ્તારમાં પાણીના પ્રદૂષણને અટકાવવા ઔધોગિક ઝોનમાં આવેલી કંપનીઓ કેટલુ પાણી લે છે તેમાંથી કેટલા

પાણીનો વપરાશ કરે છે અને કેટલુ પાણી નિકાલમાં જાય છે તેનુ મોનિટરીંગ થાય તે જરૂરી છે આથી, આવું મોનિટરીંગ શરૂ કરવા સમિતિ ભલામણ કરે છે.

**૧૯.** તા. ૧૨/૭/૨૦૨૨ના રોજની બેઠકમાં સમિતિએ જુદા જુદા ઔદ્યોગિક એકમો સામે પર્યાવરણ સંબંધિત ચાલતી તપાસ સંબંધમાં ચર્ચા કરી હતી. વિભાગે તેના સંતોષકારક જવાબ આપ્યા હતા.

**૨૦.** સમિતિની તપાસ દરમિયાન વન અને પર્યાવરણ વિભાગના અધિકારીઓ તથા તેમની સાથેના અન્ય પ્રતિનિધિઓનો, સમિતિ સમક્ષ ઉપસ્થિત રહી માહિતી આપવા અને સાથ–સહકાર આપવા બદલ સમિતિ તેમનો તેમજ સમિતિને મદદરૂપ થવા બદલ સમિતિના અધિકારી/ કર્મચારીઓનો પણ સમિતિ આભાર માને છે.

**મોહનભાઈ ઢોડિયા**

**ગાંધીનગર** **પ્રમુખ**

**અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ**

**તા.૨૦/૦૯/૨૦૨૨** **માટેની સમિતિ**

# સમિતિની ભલામણો

| ક્રમનં. | ફકરાં ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| ૧ | ૬ | બોર્ડ પોતે જ પરીક્ષા યોજીને ભરતી કરે તેમાં પારદર્શિતા જળવાય નહીં આથી, ભરતી બાબતે સામાન્ય વહીવટ વિભાગનું માર્ગદર્શન મેળવી અન્ય વિભાગોમાં થાય છે તે રીતે વર્ગ–૧ની અને વર્ગ–૨ની ભરતી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૨ | ૮ | સમિતિએ અનુસૂચિત જનજાતિના ઉમેદવારો મોટે ભાગે ધોરણ– ૧૦ અને ૧૨ સુધી તો ભણેલા હોય છે જો આ રીતે આ જગ્યાઓ રદ થઈ જાય તો આ જાતિના ઉમેદવારો રોજગારીથી વંચિત રહી જાય તેવું અવલોકન કર્યું હતું. આ બાબતે સમિતિ અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને પણ આ જગ્યાઓમાં રોજગારીની તક મળી રહે તે માટે આ જગ્યાઓ પુનર્જિવિત કરી તેનું મહેકમ વધારવા માટે ભલામણ કરે છે. |
| ૩ | ૯ | સમિતિ આઉટ સોર્સીંગની જગ્યાઓ વતા ૪૫ દિવસથી વધુ દિવસની ભરતીમાં રોસ્ટર જાળવવા અંગેના કોઇ નિયમો કે જોગવાઈ હોય તો તે અંગે તપાસ કરી આઉટ સોર્સીંગની જગ્યાઓમાં પણ રોસ્ટર મુજબ ભરતી કરવા અને આ માટે  જે સ્તરે રજૂઆત કરવાની થતી હોય ત્યાં રજૂઆત કરી જરૂરી કાર્યવાહી કરવા ભલામણ કરે છે. |

| ક્રમનં. | ફકરાં ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| ૪ | ૧૬ | સમિતિએ પર્યાવરણનું લાયસન્સ ધરાવતા ન હોય, પર્યાવરણની શરતોનું પાલન ન કરતા હોય કે જેમને શો–કોઝ નોટીસ આપ્યા પછી પણ ગંભીર ગુન્હામાં આવતા હોય, આવાસ માટે ફાળવવામાં આવેલ ઘરથાળના પ્લોટોમાં ઉદ્યોગો ઉભા થઈ ગયા હોય વિગેરે સંબંધમાં ચર્ચા કરી હતી અને આવા જે કોઈ કિસ્સા ધ્યાન પર આવે તે સંબંધમાં યોગ્ય તે પગલાં લેવા સમિતિ આથી ભલામણ કરે છે.<br>સમિતિ, ઉદ્યોગની સ્થાપનાથી જે તે વિસ્તારને થતા લાભ અને પર્યાવરણીય નુકશાનની સ્પષ્ટ જાણકારી મળી રહે તથા આ વિસ્તારના લોકપ્રતિનિધિઓ સ્થાનિક લોકોને ઉદ્યોગના લાભાલાભથી વાકેફ કરી શકે તે માટે જરૂરી કાર્યવાહી કરવા ભલામણ કરે છે. |
| ૫ | ૧૭ | સમિતિ, સ્થાનિક આદીવાસી પ્રજાને રોજગારીમાં અગ્રિમતા આપવા તથા તેમના સ્વાસ્થ્ય અને શિક્ષણની વ્યવસ્થા કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૬ | ૧૮ | આદિવાસી વિસ્તારમાં આવેલ ઉદ્યોગો દ્વારા કચરાનો ખાસ કરીને રાત્રિ દરમિયાન ગમે ત્યાં નિકાલ કરી દેવામાં આવે છે જે પર્યાવરણ માટે જોખમી છે. આથી રાત્રિ દરમિયાન પરવાનગી વગર કેમિકલ ભરેલા વાહનો બહાર નીકળવા ન જોઈએ તેવી પર્યાવરણ વિભાગ દ્વારા વ્યવસ્થા કરવાની અને રાત્રિ દરમિયાન G.P.S. સિસ્ટમ લગાડેલી ટ્રકોનો જ ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવા સમિતિ ભલામણ કરે છે. |

| ક્રમનં. | ફકરાં ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| ૭ | ૧૯ | સમિતિ આદિવાસી વિસ્તારમાં પાણીના પ્રદૂષણને અટકાવવા ઔદ્યોગિક ઝોનમાં આવેલી કંપનીઓ કેટલુ પાણી લે છે તેમાંથી કેટલા પાણીનો વપરાશ કરે છે અને કેટલુ પાણી નિકાલમાં જાય છે તેનુ મોનિટરીંગ થાય તે જરૂરી છે આથી, આવું મોનિટરીંગ શરૂ કરવા સમિતિ ભલામણ કરે છે. |

-------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.